| GJPM170009162026 | રજુ તારીખ :૦૫/૦૬/૨૦૨૬<br>દાખલ તારીખ :૦૫/૦૬/૨૦૨૬<br>ફેંસલ તારીખ :૧૯/૦૬/૨૦૨૬<br>સમય ગાળો :વર્ષ–માસ–દિવસ<br>૦૦ – ૦૦ –૧૪ |
|---|---|

**હાલોલના મહે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટમા, પંચમહાલ, મુ.હાલોલ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૭૧/૨૦૨૬**
**આંક–૦૬**

**વણકર અશ્વીનકુમાર મહેશભાઈ,**
ઉ.વ.આ.૨૩, ધંધો:મજુરી,
રહેવાસી:નવો વણકરવાસ,
કાંતોલ, મધવાસ, તા.કાલોલ,
જિ.પંચમહાલ. ....અરજદાર

..વિરુધ્ધ..

ધી સ્ટેટ ઓફ ગુજરાત. ....સામાવાળા

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એસ.બી.સોલંકી
સામાવાળા તરફે : વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એમ.ગોહીલ

(૧). અત્રે અરજદાર કાલોલ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૨૦૭૦૩૬૨૬૦૫૧૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુન્હાના કામે, સદર ગુનાના તપાસ કરનાર અમલદાર તેઓની ધરપકડ કરશે તેવી ભીતી હોય, આથી અરજદાર/આરોપી એ સદર ગુનાના કામે બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨). આક્ષેપિત ગુન્હાની ટૂંકમા હકીકત:

આ કામના ફરિયાદી બહેનની દિકરી પાયલબેન ઉ.વ.૨૫ને તેના હાલના અરજદાર પતિ અશ્વીનભાઈ મહેશભાઈ વણકર તથા તેના સસરા મહેશભાઈ શંકરભાઈ વણકર તેની સાસુ પ્રેમીલાબેન મહેશભાઈ વણકરનાઓ તેની સાસરીમાં છેલ્લા ચારેક વર્ષથી અવાર નવાર ઘરકામ બાબતે તેમજ ફોનમાં વાતો કરવા બાબતે ખોટા શક વહેમ રાખી ઝઘડો કરી અવાર નવાર મારઝુડ કરી શારિરીક માનસીક ત્રાસ આપી ફરિયાદીની દિકરી પાયલબેનને તેના સાસરીયાનો ત્રાસ સહન ન થતા અને મરવા માટે મજબુર કરતા ફરિયાદીની દિકરી પાયલબેને તેની સાસરીમા કાલોલ મુકામે તા.૧૩-૫-૨૦૨૬ ના સવારના આશરે ૮-૩૦ વાગ્યાના અરસામા જંતુનાશક દવા પી જતા સારવાર દરમ્યાન ગોધરા સીવીલ હોસ્પીટલમા તા.૧૪-૫-૨૦૨૬ના સવારના નવેક વાગ્યે મરણ ગયેલ.

(૩). અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એ અરજી તથા ફરિયાદ હકીકત વંચાણે લઈ, અરજી મુજબ દલીલો કરેલ છે અને વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છીએ. તા.૧૩-૫-૨૦૧૬ના રોજનો બનાવ છે અને મરણજનાર તા.૧૪-૫-૨૦૨૬ના રોજ મરણ ગયેલ છે અને ફરિયાદ તા.૧૬-૫-૨૦૨૬ના રોજ આપવામા આવેલ છે. અરજદાર તા.૨૩-૨-૨૦૨૬ થી મરણ જનારથી અલગ રહેતા હતા. અરજદાર પાસે મરણજનારની ૧૪ માસની દિકરી રહે છે અને તેનુ લાલન પાલન કરે છે. અરજદારને નહી કરેલ ગુના માટે જેલમા રહેતુ પડે તો તેમના કુટુંબને આર્થીક નુકસાન થાય તેમ છે. અરજદાર સામે કોઈ સીધો કે પરોક્ષ કોઈ પુરાવો નથી, ધ્વેષ પુર્વક ખોટી રીતે સંડોવી દીધેલ છે. કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. ગામના પ્રતિષ્ઠીત અને મોભાધાર વ્યકિત છે. ખોટી ફરિયાદના કામે અરજદારની ધરપકડ કરવામા આવે તો અરજાદારની ઈજ્જત આબરૂને ભારે નુકશાન થવાની સંભાવના છે. વધુમાં, અરજદાર સ્થાનિકના રહીશ છે. સ્થાવર તેમજ જંગમ મિલકતો આવેલી છે. નાસી ભાગી જાય તેમ નથી.

તપાસમા સહકાર આપવાની ખાતરી આપીએ છીએ. નામ.કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરીશુ તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહીશુ વિગેરે હકીકતો જણાવી અરજદાર એચ.આઇ.વી. પોઝીટીવથી પીડીત છે અને હાલ દવા સારવાર ચાલુ હોય આગોતરા જામીન પર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪). સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો વિરોધ કરી મુખ્યત્વે આંક-૪ થી રજુ એફડેવીટ મુજબની રજુઆત કરી વધુમાં જણાવેલ છે કે, મરણજનારના પતિ છે. મુખ્ય આરોપી છે. મરણજનાર છેલ્લા બે માસથી અલગ રહેતા હતા. અગાઉના ચાર વર્ષના સમયગાળા દરમ્યાન થી શારીરિક અને માનસીક ત્રાસ આપતા હતા. અરજદાર/આરોપીને પોલીસ કસ્ટડીમા રાખી ગુન્હા સબંધે પુછપરછ કરી ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય તેમજ સત્ય હકીકત ઉજાગર કરી શકાય તેમ હોય આગોતરા જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫). આ કામે જામીન અરજીના નિર્ણય સમયે એ હકીકતની નોંધ લેવી જરુરી છે કે, **નામદાર ગુજરાત હાઇકોર્ટના લક્ષ્મણ કરમનભાઇ ગઢવી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૩) જી.એલ.આર. ૨૨૮૮** તથા **નામદાર સુપ્રિમ કોર્ટના અફજલખાન ઉર્ફે બાબુ મુર્તૃજાખાન પઠાણ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૩) જી.એલ.આર. ૨૨૮૩ ના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ જામીન અરજીના તબકકે કેસના ગુણદોષની લંબાણપુર્વકની ચર્ચા કરવાની નથી.

(૬). બંને પક્ષકારો તરફે ઉપરોકત કરવામા આવેલ રજુઆત, અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, ફરિયાદી તરફે રજુ વાંધા અરજી, તપાસના કાગળો, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લીધુ. ઉપરોકત નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાઓ માનસહ: વંચાણે લેતા, દરેક કેસની હકીકત અને આરોપીએ ગુનામા ભજવેલ ભાગ તથા આરોપીની સ્થિતિ, આરોપીનો ગુનાહીત

ભુતકાળ,ગુન્હાની ગંભીરતા વિગેરે ધ્યાને લઇ જામીન અરજીનો નિર્ણય ચુકાદાઓમા દર્શાવેલ સિધ્ધાંતો ધ્યાને રાખી કરવાનો છે. અરજી સાથે રજુ નિ.૩/૧ થી રજુ એફ.આઇ.આર.ની નકલ વંચાણે લેતા, ફરિયાદી સવિતાબેન એ તેમની દિકરી પાયલને તેમની સાસરીમા છેલ્લા ચારેક વર્ષથી અવાર નવાર ઘરકામ તેમજ ફોનમાં વાતો કરવા બાબતે ખોટા શક વહેમ રાખી ઝઘડો કરી અવાર નવાર મારઝુડ કરી, શારિરીક માનસીક ત્રાસ આપતા તે તેમની દિકરીને તેના સાસરીયાનો ત્રાસ સહન ન થતા અને મરવા માટે મજબુર કરતા તેમની દિકરીએ તેની સાસરીમા કાલોલ મુકામે તા.૧૩-૫-૨૦૨૬ ના સવારના આશરે ૮-૩૦ વાગ્યાના અરસામા જંતુનાશક દવા પી જતા સારવાર દરમ્યાન ગોધરા સીવીલ હોસ્પીટલમા તા.૧૪-૫-૨૦૨૬ના સવારના નવેક વાગ્યે મરણ ગયેલ હોવાની તા.૧૬-૫-૨૦૨૬ના રોજ પ્રેમીલાબેન (સાસુ) તથા હાલના અરજદાર અશ્વીનભાઇ (પતિ) તથા મહેશભાઇ (સસરા) વિરુધ્ધ ફરિયાદ આપેલ છે.

(૭). આમ, ફરિયાદ વંચાણે લેતા, બનાવ તા.૧૩-૫-૨૦૨૬ ના સવારના આશરે ૮-૩૦ વાગ્યાના અરસામા બનેલ છે. ગુજરનાર તા.૧૪-૫-૨૦૨૬ના રોજ મરણ ગયેલ અને તેની ફરિયાદ તા.૧૬-૫-૨૦૨૬ના ક.૧૮-૩૦ વાગે આપવામાં આવેલ છે. વધુમાં, તપાસના કાગળોમાંથી તા.૨૩-૨-૨૬થી મરણજનાર અલગ રહેતા હોવાનુ મળી આવે છે. તા.૧૬-૫-૨૦૨૬ બાદ આજદિન સુધી અટક કરવાની કાર્યવાહી કરવામા આવી નથી. શા માટે અટક કરવામા આવેલ નથી તેનો કોઇ ખુલાસો નથી. ત.ક.અ.શ્રી ધ્વારા રજુ એફડેવીટમા અરજદારની શા માટે કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરુર છે તેવી પણ કોઇ હકીકત મળી આવતી નથી. આરોપીની કસ્ટડી વગર પણ તપાસ થઇ શકે તેમ હોવાનુ જણાય છે.

(૮). વધુમાં, **નામ.સુપ્રિમ કોર્ટના ૨૦૧૧(૨) જી.એલ.આર. પાના. ૧૬૧૪, સિધ્ધરામ સતલીંગપ્પા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓના** ચુકાદામા બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન

આપવા માટેના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત વંચાણે લેતા, તેમા જણાવવામા આવેલ છે જેમા (૧) આરોપી સામેના ગુનાની ગંભીરતા અને ગુનામા આરોપીનો રોલને જોવો જોઇએ (૨) આરોપીની અગાઉ કોઇ કોગ્નીઝેબલ ગુનામા સજા થતા જેલ કસ્ટડીમા ગયેલ છે (૩) આરોપીની ન્યાયિક કાર્યવાહીમા ભાગી જવાની શકયતા છે (૪) આરોપી આ જ પ્રકારનો ગુનો ફરી કરે તેવી કે અન્ય ગુના કરે તેવી શકયતા છે (૫) આરોપીને હાની કે હલકા પાડવાના હેતુ સારુ સંડોવેલા છે (૬) આગોતરા જામીન આપવાથી સમાજમા અસંખ્ય લોકોને અસર કરે તેવા સંજોગો છે તેમજ કોર્ટ આગોતરા જામીન આપતી વખતે સમગ્ર રજુ થયેલ કેસનો ઝીણવટભરી રીતે અભ્યાસ કરવો જોઇએ અને ગુનામા ભજવેલ આરોપીના કેસને ધ્યાને લેવો જોઇએ તેમજ આગોતરા જામીન આપતી વખતે બંને પક્ષની સમતુલા જોવી જોઇએ અને પોલીસને કોઇ અવરોધ ન થાય અને સ્વતંત્ર રીતે તપાસ થઇ શકે તે જોવુ જોઇએ, સાથો સાથ આરોપીને હેરાન કરવા, હલકા પાડવા, અટકાયત થતી ના હોય તેવુ જોવુ જોઇએ તેમજ કોર્ટ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા ના થાય તેમજ સાહેદોને કોઇ ધાક ધમકી ન અપાય તેવા તત્વો ધ્યાને લેવા જોઇએ તેમજ આ ચુકાદામા ભારતીય બંધારણના આર્ટીકલ નં.૨૧ અન્વયે આરોપીની સ્વતંત્રતાના સિધ્ધાંતે પણ ધ્યાને લેવા જણાવેલ છે.

(૯). આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તેમજ રેકર્ડ પરની હકીકતો જોતા, જયારે આ ગુનાની તપાસ આરોપીની ફીજીકલ કસ્ટડી સિવાય થઇ શકે તેમ નથી તેવી તપાસ કરનાર અધિકારીશ્રીની રજુઆત નથી. અરજદાર એચ.આઇ.વી.પોઝીટીવ છે. જામીન આપવાથી સમાજમા કોઇ અસર થાય તેવા કોઇ સંજોગો જણાતા નથી. અરજદારનો કોઇ ગુનાહીત ઇતિહાસ નથી. પંચમહાલ જિલ્લાના અને કાલોલ તાલુકાના કાંતોલ ગામના સ્થાનિકના કાયમી રહીશ છે. તપાસમા સંપુર્ણ સાથ અને સહકાર આપવાની ખાત્રી આપે છે તેમજ ટ્રાયલ શરુ થાય તેમા પણ નિયમીત હાજરી આપવાની બાહેધરી આપે છે તેમજ નાસી ભાગી જાય તેવા પણ કોઇ સંજોગો જણાતા નથી તેવા સંજોગોમા અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવાનુ

ન્યાયોચિત જાણાય આવે છે. ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ હાલના અરજદાર /આરોપીની તરફેણમાં કરવાનુ યોગ્ય, વાજબી અને ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**(૧).** અરજદાર/આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયેની આગોતરા જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

**(૨).** અરજદાર/આરોપી વણકર અશ્વીનકુમાર મહેશભાઈ, ઉ.વ.આ.૨૩, ધંધો:મજુરી, રહેવાસી:નવો વણકરવાસ, કાંતોલ, મધવાસ, તા.કાલોલ, જિ.પંચમહાલનાઓને કાલોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦૩૬૨૬૦૫૧૬/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના કામે પોલીસ ધ્વારા ધરપકડ કરવામા આવે ત્યારે અરજદાર/ આરોપીએ રૂા.૨૫,૦૦૦/–(અંકે રુપીયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન અટક કરનાર પોલીસ ઓફીસરશ્રી એ મુકત કરવા.

**શરતો:–**

એ). અરજદાર/આરોપી એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફરિયાદપક્ષના સાહેદોને પોલીસ સમક્ષ અગર કોર્ટ સમક્ષ સાચી હકીકત કહેતા રોકવા નહી કે તેમ કરવા તેઓને ધાક ધમકી, લોભ લાલચ કે પ્રલોભન આપવા નહી.

બી). અરજદાર/આરોપી એ પોલીસ તપાસમા દખલગીરી કરવી નહી અને તપાસમા સાથ સહકાર આપવો તેમજ તપાસ કરનાર અધિકારીને જરુર જણાય ત્યારે અરજદાર/આરોપીને તપાસના કામે બોલાવે ત્યારે હાજર રહેવુ.

સી). અરજદાર/આરોપી એ તેઓની સ્વતંત્રતાનો દુર ઉપયોગ કરવો, કરાવવો નહી.

ડી). અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે તેમના રહેઠાણનુ કાયમી સરનામુ યોગ્ય પુરાવો રજુ કરી જાહેર કરવુ તથા પોતાનો મોબાઇલ નંબર જાહેર કરવો અને સંબંધિત ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય સરનામામા કે મોબાઇલ નંબરમા ફેરફાર કરવો નહી.

ઈ). અરજદાર/આરોપી એ તેમની સામેના આ ગુનાની ટ્રાયલ દરમ્યાન દર મુદતે નિયમીત પણે કોર્ટમા હાજર રહેવુ.

એફ). અરજદાર/આરોપી એ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે જામીન આપયાના દિન–૩માં ટ્રાયલ કોર્ટમા જમા કરાવવો. ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

**(૩).** તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીના આઇ.ડી.પ્રુફ સાથેના જામીન ઉપરોકત શરતો મુજબના લેવા અને તેના કાગળો સબંધીત અદાલતમા તાત્કાલીક મોકલી આપવા.

**(૪).** ઉપર મુજબની કોઇપણ શરતોનો ભંગ કરશે તો અરજદાર/આરોપીના જામીન રદ કરવા ત.ક.અ.શ્રી ટ્રાયલ કોર્ટને અરજી કરી શકશે.

**(૫).** હુકમ અંગેની જાણ સંબંધિત કોર્ટ તથા પોલીસને સ્ટેશનને યાદી થી કરવી.

આ હુકમ આજ રોજ તા.૧૯લી માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૯–૦૬–૨૦૨૬
સ્થળઃ હાલોલ.

**(ભરત દાનાભાઈ પરમાર)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,હાલોલ
( UNIQ I.D.No.GJ00759 )